BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY UNIVERSITY 1 GRADED AUTONOMY

ડૉ.બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીની સુરત પ્રાદેશિક કેન્દ્રની વિદ્યાર્થીઓ સાથે બેઠક મળી

સુરત, તા.૨૬

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયની પ્રેરણાથી પ્રાદેશિક કેન્દ્ર, સુરત દ્વારા જુલાઈ સત્રના વિદ્યાર્થીઓ માટે ત્રણ અભ્યાસકેન્દ્રો પર અભિમુખતા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાદેશિક કેન્દ્ર, સુરત તેમજ કે.પી. કોમર્સ કોલેજ અને પ્રો.વી.બી. શાહ & સુટેક્ષ બેન્ક અમરોલી કોલેજનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની શૈક્ષણિક પદ્ધતિ, અસાઈમેન્ટ, પરીક્ષા તેમજ પરિણામ સુધીની તમામ પદ્ધતિ માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

કે.પી. કોમર્સ કોલેજ અને પ્રો. વી.બી. શાહ & સુટેક્ષ બેન્ક અમરોલી કોલેજ ખાતે યોજાયેલી અભિમુખતા બેઠકમાં મુખ્ય અતિથિ તરીકે પ્રાદેશિક કેન્દ્ર સુરત ખાતે ફરજ બજાવતા આસિસ્ટન્ટ રિજનલ ડાયરેક્ટર ધિયા કે. ત્રિવેદી તથા ભૌતિક એચ. વોરા ઉપસ્થિત રહ્યા હતા. પ્રાદેશિક કેન્દ્ર સુરત ખાતે બપોર બાદ યોજાયેલા ૩ સેશનમાં ૧૮૨૦ - લાઈબ્રેરી સાયન્સ ડિપાર્ટમેન્ટના કો-ઓર્ડિનેટર ડૉ. શૈલેષ પટેલ અને આસિસ્ટન્ટ રિજનલ ડાયરેક્ટર શ્રીમતી ધિયા કે. ત્રિવેદી તથા ભૌતિક એચ. વોરા ઉપસ્થિત રહ્યા હતા.



સમગ્ર કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ઓપન અને ડિસ્ટન્સ લર્નિંગ પદ્ધતિ દ્વારા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની તકો, અભ્યાસ પદ્ધતિ, શૈક્ષણિક માર્ગદર્શન, પરીક્ષાલક્ષી તૈયારી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને આગામી પરીક્ષાઓ અને યુનિ.ના અભ્યાસક્રમની પધ્ધતિ, ફાયદાઓ અંગે માર્ગદર્શન અપાયું